# ભારતીય જનતા પક્ષ

(દિલ્હી પ્રદેશ કાર્યાલય)

14, પંડિત પંત માર્ગ, નવી દિલ્હી

# ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ

# શ્રી રાજનાથ સિંહનું પ્રેસ વકતવ્ય

ભારતે આદરણીય શ્રી અટલ બિહારી વાજપેયીના નેતૃત્વવાળી એનડીએ સરકારના શાસનકાળમાં 21મી સદીમાં પ્રવેશ કર્યો હતો. 21મી સદીમાં ભાજપ ભારતને વિશ્ર્વનું નેતૃત્વ કરનાર દેશ તરીકે આગળ લઈ જવા કટિબધ્ધ છે. ભારતને વૈશ્ર્વિક મહાસત્તા બનાવવા દેશનું હૃદય ગણાતા પાટનગર દિલ્હીની વિકાસની કેડીએ આગેકૂચ થાય એ જરૂરી છે. પરંતુ છેલ્લા 15 વર્ષમાં એક જ પક્ષ અને એક જ નેતૃત્વવાળી સરકાર રહેવા છતાં દિલ્હી વિકાસના પંથે આગેકદમ ભરવામાં ઘણું પાછળ રહી ગયું.

દિલ્હીને ખરેખર વિકાસના માર્ગે આગળ લઈ જવા આપણે પહોળી સડક, મોટરોના કાફલા અને વૈભવશાળી ઉંચી ઉંચી ઈમારતોથી દૂર જઈને નાની નાની કોલોનીઓમાં સામાન્ય સ્થિતિમાં રહેતા લોકો અથવા તેનાથી આગળ વધીને ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો અને દિલ્હીના ગ્રામવિસ્તારો પર નજર દોડાવવી પડશે. તો જ દિલ્હીનો સર્વાંગી વિકાસ શક્ય બનશે.

દિલ્હીમાં લાખો મજૂર, ઘરકામ કરતા નોકરો, કામદારો, રેકડીવાળા, ફેરિયા, મકાન બાંધકામ સાથે સંકળાયેલા મજૂરો, કચરો અને ભંગાર એકઠા કરી વેચનારા, રિક્ષાચાલકો, કારખાનાઓ તથા દુકાનોમાં 12 કલાક કામ કરતા મજૂરો મહેનત કરીને આજીવિકા ચલાવે છે અને શહેરના વિકાસમાં ભરપૂર ફાળો આપે છે.  તેઓ દિલ્હીની 1639 અનધિકૃત કોલોની, 860 જે.જે.ક્લસ્ટર્સ, ઝૂંપડપટ્ટીઓ અને ફુટપાથ પર વસવાટ કરી રહ્યા છે. અગાઉ દિલ્હીમાં 360 ગામડાઓનો સમાવેશ થતો હતો, હાલમાં ગામોની સંખ્યા વધીને લગભગ 400 થઈ ગઈ છે.પાટનગરમાં 45 પુનર્વસન કોલોની છે, જેમાં દિલ્હીની 49 ટકા વસતિ વસવાટ કરે છે. ભાજપ દિલ્હીમાં સત્તામાં આવે તો તે 49 ટકા રહેવાસીઓને માનપૂર્વક રોજીરોટી રળવાની અને આવાસ નિર્માણની તક આપશે.

દિલ્હીને 21મી સદીમાં મહાશક્તિશાળી ભારતનું કેન્દ્ર બનાવવું હોય તો દેશના દરેક ખૂણેથી આવેલા લોકોએ સહયોગ આપવો પડશે. ભાજપ માને છે કે દિલ્હીમાં એવી સરકાર હોવી જોઈએ કે જે બહારથી આવેલા લોકોને બોજ તરીકે નહિ બલકે ઉપયોગી માનવ સંસાધનના સ્વરૂપમાં ઉપયોગ કરી શકે. દિલ્હીની લગભગ અડધા ભાગની વસતિનું પ્રતિનિધિત્વ કરનાર વર્ગ પ્રવાસી છે.

દિલ્હીમાં ભાજપની સરકાર આવે તો પ્રવાસીઓની સમસ્યાનું સમાધાન કરીને દિલ્હીના વિકાસમાં તેઓની ઉપયોગી ભૂમિકાનું મહત્ત્વ વધારવા ખાસ પ્રવાસી પંચની રચના કરશે. તે પંચ દિલ્હીની 1639 અનધિકૃત કોલોની, 860 જે.જે.ક્લસ્ટર્સ, ઝૂંપડપટ્ટીઓ અને ફુટપાથ પર વસવાટ કરતા લોકો સાથે માનવતાસભર વ્યવહાર કરીને તેઓને માનપૂર્વક રોજીરોટી, આવાસ અને રોજગારીની તકો પૂરી પાડશે.

દિલ્હીના ગરીબ અને પ્રવાસી લોકોના કલ્યાણ માટે ડૉ. હર્ષવર્ધને અટલ બિહારી વાજપેયી પુનર્વસન યોજના શરૂ કરવાનું નક્કી કર્યું છે. તે લોકો માટે કરવામાં આવનારા અન્ય ઉપાયો નીચે મુજબ છેઃ

(1) ભાજપ નિયમોનું સરળીકરણ કરીને અને તેમાં છુટછાટો આપીને તમામ અનધિકૃત કોલોનીઓને તમામ પ્રકારની મૂળભુત સુવિધાઓથી સુસજ્જ કરશે.

(2) તમામ ઝૂંપડાંવાસીઓ, જે.જે.ક્લસ્ટર્સ, સ્લમ અને ફુટપાથવાસીઓ માટે માનવતાના ધોરણે પાક્કા મકાનોનું નિર્માણ કરી લોકોને લીઝ પર આપશે.

(3) તમામ 45 પુનર્વસન કોલોનીના લાખો રહેવાસીઓને તર્કસંગત શરતોના આધારે મકાનમાલિકીનો હક આપવામાં આવશે.

(4) દિલ્હીના તમામ ગામોને અત્યાધુનિક શહેરી ગામડા તરીકે વિકસાવવામાં આવશે. તે વિસ્તારોના રહેવાસીઓને શહેરીજનોને મળતી સવલતો જેટલી તમામ સુવિધાઓ આપવામાં આવશે.

(5) તમામ ગ્રામવાસીઓ અને અનધિકૃત કોલોનીઓના રહેવાસીઓ તેમજ ઝૂંપડાંવાસીઓ અને ફૂટપાથવાસીઓને કૌશલ્ય વિકાસ કેન્દ્રો ખોલીન તેમાં તાલિમ આપવામાં આવશે. જેથી તેઓ માનપૂર્વક રોજગારી કે સ્વરોજગાર મેળવી શકે.

(6) દિલ્હીમાં હજારો એકર કૃષિ ભૂમિ અને યમુના નદીના બંને કિનારે વિશાળ જમીન ફાજલ પડી છે, તેનો દિલ્હીના વિકાસમાં વધારાના સંસાધન તરીકે ઉપયોગ કરવામાં આવશે. તે જમીન પર હરિયાળું વાતાવરણ સર્જવા અને રોકડ ખેતી કરવા ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવશે. તે જમીનોનું રક્ષણ કરવામાં આવશે, જેથી જમીન-માફિયાઓ તેના પર કબજો જમાવી ન શકે.

(7) ગામડાઓમાં રહેતા ભૂમિહીન અને ઘરવિહોણા લોકોને રોજગારીની તકો અને સ્વરોજગાર ઉપલબ્ધ બનાવવમાં આવશે.

(8) દિલ્હીના તમામ ગામોનું ઝડપથી વિસ્તરણ થયું છે. વસતિ વધારાની સમસ્યા ધરાવતા ગામડાઓના આયોજનબધ્ધ વિકાસ માટે લાલડોરા ક્ષેત્રનો વિકાસ આવશ્યકતા અનુસાર કરવામાં આવશે.

(9) ગ્રામવાસીઓ અને ખેડૂતો માટે પરેશાની ઊભી કરનાર દિલ્હી લેન્ડ રિફોર્મ એક્ટની કલમ – 33માં માનવતાના ધોરણે અને વાસ્તવિક જરૂરિયાતોને ધ્યાનમાં લઈને સુધારમા કરવામાં આવશે. જેથી ખેડૂતો અને ગ્રામવાસીઓનું શોષણ અટકે.

(10) તમામ અનધિકૃત કોલોનીઓના વિકાસ માટે ડીડીએની જેમ અનધિકૃત કોલોની વિકાસ પ્રાધિકરણની રચના કરવામાં આવશે.

(11) ગામો અને ખેતીલાયક જમીનોના વિકાસ માટે રાજધાની ગ્રામીણ વિકાસ બોર્ડની સ્થાપના કરવામાં આવશે.

(12) પાટનગરમાં ઝૂંપડપટ્ટીઓનું ચલણ કોંગ્રેસની મતબેન્ક નીતિને કારણે ફૂલ્યું ફાલ્યું છે. તેમાં રહેતા લોકોને જાણીજોઈને ગરીબ અને વંચિત રાખવામાં આવ્યા છે. જેથી કોંગ્રેસ ચૂંટણી વખતે મતબેંક તરીકે તેઓનો ઉપયાગ કરી શકે. કોંગ્રેસના આ ષડયંત્રને ભાજપ હંમેશને માટે ખતમ કરી નાખશે. એવી કાનુની વ્યવસ્થા કરવામાં આવશે કે જેથી દિલ્હીમાં ભવિષ્યમાં કોઈપણ અનધિકૃત કોલોની, જે.જે.કોલોની, સ્લમ કે ઝૂંપડપટ્ટીઓ ઊભી જ ન થાય. તેના માટે વહિવટીતંત્રમાં અલગ વિભાગ સ્થાપવામાં આવશે અને દરેક કાર્ય માટે વિવિધ સ્તરે જવાબદારી નિર્ધારિત કરવામાં આવશે.

(13) દિલ્હીમાં જમીનની અછત છે અને વસતિ વધી રહી છે. તે સમસ્યા હલ કરવા પાટનગરમાં વર્ટીકલ વિકાસની પરવાનગી આપવામાં આવશે. ખાનગી બાંધકામોમાં વર્ટીકલ ઉંચાઈની મર્યાદા 15 મીટરની છે તેને વધારવા ગંભીરતાપૂર્વક વિચારવામાં આવશે.

(14) 100 મીટર કે તેનાથી નાના પ્લોટનો નકશો મંજૂર કરાવવાનો નિયમ રદ્દ કરવામાં આવશે. ભવિષ્યમાં જે પણ સોસાયટી કે બહુમાળી ફ્લેટ બને તેમાં ભોંયતળિયે પાર્કિંગ ફરજિયાત કરવામાં આવશે.

મને વિશ્વાસ છે કે ભાજપની વિકાસ પ્રત્યેની કટિબધ્ધતાનો સંકલ્પ સાકાર કરવા ડૉ. હર્ષવર્ધનના પ્રભાવશાળી અને પ્રામાણિક નેતૃત્વ પ્રત્યે દિલ્હીની જનતા વિશ્વાસ વ્યક્ત કરશે અને દિલ્હીમાં શાનદાર સફળતા અપાવશે.